**<u>સોનગઢના મે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક. સાહેબની કોર્ટમાં, મુ. સોનગઢ.</u>**

**ફોજદારી કેસ નં. ૨૦૯૯/૨૦૨૨**

**આંક : ________**

ફરીયાદી : **સરકારશ્રી**

વિરુધ્ધ

આરોપી : **રસીકભાઈ શાંતાભાઈ ગામીત**

**રહેવાસી : સીંગલખાંચ,મંદિર ફળીયુ,તા.સોનગઢ જી.તાપી**

*<u>ગુનો :- ધી ગુજરાત પ્રોહીબીશન એક્ટની કલમ ૬૬ (૧)(બી) તથા એમ વી એક્ટ ૧૮૫ મુજબ.</u>*

*<u>ઠરાવ</u>*

(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ધી ગુજરાત નશાબંધી ધારાની કલમ -૬૬ (૧) (બી), તથા એમ વી એકટ-૧૮૫ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે સંબંધિત પોલીસ સ્ટેશન ધ્વારા ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે. સદરહુ ચાર્જશીટ જોતા તેમાંથી એ સ્પષ્ટ થાય છે કે, આરોપીએ ચોકકસ સમયે અને જગ્યાએ જાહેરમાં પાસ પરમીટ વગર કેફી પ્રવાહી પીધેલ હાલતમાં મળી આવેલ છે. તેમજ તા.૧૩/૦૭/૨૨ ના રોજ ક. ૧૮/૨૦ વાગે મોજે ઉકાઈ કેલ્સ હોટલ પાસે જાહેર રોડ ઉપર કબજાનુ હીરો કંપનીનુ આઈ સમાર્ટ મો.સાનં. જી.જે.૨૬-કે-૬૬૩૬ ને વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં ચલાવી લાવી મળી આવી પકડાઈ જઈ મો.વ્હી.એકટની કલમ-૧૮૫ મુજબ ગુનો કરેલ હોઈ પોલીસે ફરીયાદ દાખલ કરી તપાસ કરી તપાસના અંતે હાલના ગુનાનું ચાર્જશીટ ઈન્સાફ થવા સારૂ અત્રેની કોર્ટમાં રજુ કરેલ છે.

(૨) આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતાં તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપ્યાની ખાત્રી કરેલ છે.

(૩) આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૪) આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી એમ જાહેરાત કરેલ છે કે, મારો આ પ્રથમ ગુનો છે અને સામાન્ય અને ગરીબ વર્ગના છીએ, અમારે કોઈ સ્થિર ધંધો નથી કે કોઈ સ્થિર આવક નથી, અમો છુટક મજુરીનું કામ કરીએ છીએ, અમોને મજુરી પણ દરરોજ મળતી નથી જેથી અમો અમારુ તેમજ અમારા કુટુંબનું ગુજરાન કરી શકીએ તેવી સ્થિતિમાં ન હોવાથી અને માનસીક તનાવમાં દારૂ પી લીધેલાનુ કબુલ કરે છે. વધુમાં જણાવે છે કે અમોએ દારૂ પીધેલ હાલતમાં કોઈ ઉપદ્રવ કરેલ નથી, ઝઘડો કરેલ નથી, અસભ્ય વર્તન કરેલ નથી, અશિષ્ટ ભાષા વાપરેલ નથી કે મારા–મારી કરેલ નથી અને આ મુજબનો અમારા વિરુધ્ધ આક્ષેપ પણ નથી. ચાર્જશીટમાં જાહેર રસ્તામાં વગર પાસ પરમીટે દારૂ પીધેલ હાલતમાં છાટકો બની લથડીયા ખાતો મળી આવ્યાનો માત્ર આક્ષેપ છે. અમારી આર્થિક પરિસ્થિતિ સારી ન હોઈ ઉપરાંત રોજગાર પણ ન હોય, ટ્રાયલ ચાલતા દરમ્યાન અમારે વારંવાર કોર્ટમાં આવવાની જરૂર પડે, ઉપરાંત વકીલ રોકીને પૈસા ખર્ચવાની જરૂરીયાત રહે અને અમોને કયારેક રોજગારી મળે છે તે પણ ખોરવાઈ જાય તે તમામ હકીકતો ધ્યાને લઈ, આ અમારો પ્રથમ ગુનો હોઈ અમો અમારી ભુલ સુધારવા માંગીએ છીએ અને કોર્ટની કાર્યવાહીમાં સમય અને નાંણાનો વ્યય અમારો તથા કોર્ટનો ન થાય તેવા ઉદ્ધેશથી નમ્ર માફી આપવા અને રહેમ રાખવા અરજ ગુજારીએ છીએ.

(૫) આરોપીએ ખરેખર સ્વેચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે.

(૬) આમ, આરોપીનો સમય, ફરીયાદીપક્ષે પોલીસનો સમય, સરકારી વકીલશ્રીનો સમય, સરકારી સાહેદોનો સમય તથા કોર્ટનો સમય તથા ખર્ચ જે આ ટ્રાયલ પાછળ વ્યતિત થાય અને ટ્રાયલને અંતે આરોપી કસુરવાર ઠરે ત્યારે સજા અંગે ન્યાયિક હુકમ કરવામાં આવે છે તેના બદલે જો આરોપી પ્ર થમ મુદતે હાલનો ગુનો કબુલે છે ત્યારે તેણે ગુના કબુલ સંદર્ભે રજુ થયેલી હકીકતોની સાથે સાથે સરકારનો, અત્રેની કોર્ટનો અને પક્ષકારોનો જે સમય અને શ્રમ બચે છે તે અન્ય ગંભીર ગુનાની ટ્રાયલમાં ઉપયોગ કરી શકાય તેમ હોઈ ઉપરાંત આરોપી જયારે પસ્તાવા સાથે ગુનાની કબુલાત કરતો હોય ત્યારે રેકર્ડ ઉપર આવેલી તમામ હકીકતો અને તમામ પરિસ્થિતિઓને ધ્યાને લઈ કેસનો નિકાલ કરવો અત્રેની કોર્ટને ન્યાયોચિત જણાઈ આવે છે. આમ, જયારે આરોપી જાતે જ આ ગુનાની સ્વૈચ્છાએ

કબુલાત કરવા માંગતો હોય ત્યારે આરોપીને કાયદામાં નિર્દેશ કરેલ સજા પૈકી કેટલી સજા કરવી જોઈએ તે કોર્ટે કેસની હકીકતો, આરોપીની પરિસ્થતી, તથા ગુનાના સંજોગો ધ્યાને નકકી કરવી જોઈએ તેવુ અત્રેની કોર્ટનુ નમ્ર પણ માનવાનુ થાય છે. આમ, જયારે આોરપી જાતે જ ગુનાની કબુલાત કરતો હોય અને હાલનો ગુનો તેઓનો પ્રથમ ગુનો હોઈ પોતાની ભુલ સુધારવા / ભુલનુ પ્રાયશ્ચિત કરતો હોય ત્યારે કાયદામાં નિર્દેશ કરેલ સજા કરતા ઓછી સજા કરવાથી આરોપીને પોતાની ભુલ સુધારવા એક તક મળી રહે તેવા નેક આશયને લક્ષમાં રાખીને ઓછામાં ઓછી સજા કરવી ન્યાયોચિત જણાઈ આવે છે.

(૭) વધુમાં જણાવવાનું કે, નામદાર ગુજરાત હાઈકોર્ટે **૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંન્દ્રજી ઠાકોર**ના કેસમાં એવો સિધ્ધાંત પ્રસ્થાપિત કરેલો છે કે, ''જો પુરતા અને વ્યાજબી કારણો હોય તો દરેક કેસની હકીકતને ધ્યાનમાં લઈ નીચેની અદાલતને કાયદામાં કરેલ લઘુત્તમ જોગવાઈ કરતા પણ ઓછામાં ઓછી સજા અને દંડ કરવાની સત્તા છે'' અને સદરહુ ચુકાદાનાં પેરા–૨૧માં જે કારણો જણાવેલ છે તે ધ્યાને લેતાં ઉપરોકત ચુકાદો આરોપીના કેસને મદદરુપ થતો હોઈ તેમ જણાય છે અને ત્યારે આરોપીની સ્થિતિ અને સંજોગોને ધ્યાને લઈ કાયદાએ સુચવેલ ન્યુનતમ સજા કરતા ઓછી સજા કરવા માટેનાં વ્યાજબી અને વિશિષ્ટ કારણો જણાય છે. આમ ઉપરોકત તમામ હકીકતો–રજુઆતો ધ્યાનમાં લેતા આ કામે આરોપી સ્વૈચ્છિક પણે ગુન્હોની કબુલાત કરેલ છે અને તેઓની આર્થિક પરિસ્થિતિ અને કુંટુંબની જવાબદારી તેમના પર ચાલી આવેલ છે અને ત્યારે નામ. વડી અદાલતે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત ધ્યાને લઈ નકકી કરેલી ઓછામાં ઓછી સજા કરતા ઓછી સજા કરીને ઓછામાં ઓછો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે તો ન્યાયનું હીત જળવાઈ રહે તેમ હોઈ ઉપરોકત સંજોગો ધ્યાને લઈ આરોપીને દોષિત ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

(૧) આ કામનાં આરોપી **રસીકભાઈ શાંતાભાઈ ગામીત** ને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ –૬૬ (૧) બી મુજબના ગુન્હામાં તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રૂા. ૨૦૦/– (અંકે રૂપિયા બસો સો પુરા) નો દંડ તથા એમ વી એકટ ૧૮૫ મુજબના ગુનાના

કામે તકસીરવાર ઠરાવી રૂ.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પુરા)ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન – ૩ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આરોપીના અગાઉ રજુ કરેલ જામીનખત તથા જાત મુચરકા ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ–૪૩૭(એ) હેઠળ છ માસ પુરતા ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ– ૧૨ મી, માહે–નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ ''સ્પેશ્યલ સીટીગ'' માં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : સોનગઢ
તારીખ. ૧૨/૧૧/૨૦૨૨

**(જયેશકુમાર બાબુભાઈ શર્મા)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
સોનગઢ,કોડ નં. જીજે૧૬૨૩